# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

**આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.**

*************************************************

- ✓ શાસક અને વિપક્ષના આરોપ અને પ્રત્યારોપ વચ્ચે સંસદના બંને ગૃહોમાં ગઇકાલે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા ..
- ✓ નીટ ગેરરિતી કેસમાં આરોપી દિક્ષીત પટેલ ચાર દિવસના સીબીઆઇ રિમાન્ડ પર
- ✓ પરીક્ષા પધ્ધતિમાં સુધારણા માટે નેશનલ ટેસ્ટીગ એજન્સીએ વાલીઓ અને વિદ્યાર્થીઓ પાસે સૂચનો મંગાવ્યા
- ✓ હવામાન વિભાગે ઉત્તરાખંડ, આસામ અને મેઘાલયમાં અતિભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યુ
- ✓ જોર્ડનમાં પૂર્ણ થયેલી એશિયન કુસ્તી સ્પર્ધામાં ભારત આઠ ચંદ્રક સાથે પ્રથમ ક્રમે ..

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Nt.PAR-MOTION OF THANKS

સંસદના બંને ગૃહોએ ગઈકાલે લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરી હતી. લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા, ભાજપના સાંસદ અનુરાગ સિંહ ઠાકુરે છેલ્લા દસ વર્ષમાં સરકાર દ્વારા વિવિધ ક્ષેત્રોમાં લેવામાં આવેલી પહેલોની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા લોકોના કલ્યાણ અને અર્થવ્યવસ્થાના વિકાસ માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે અને સરકારે PM ગરીબ કલ્યાણ અન્નયોજના હેઠળ 80 કરોડ લોકોને મફતમાં અનાજ પૂરું પાડ્યું છે.

ચર્ચામાં ભાગ લેતા, વિપક્ષના નેતારાહુલ ગાંધીએ NEET પરીક્ષામાં કથિત અનિયમિતતા, અગ્નિવીર યોજના, મણિપુરમાં અશાંતિ, નોટબંધી, વધતી જતી મોંઘવારી, ખેડૂતોના મુદ્દાઓ અને અન્ય મુદ્દાઓ ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે NEET પરીક્ષા અમીરોની તરફેણ કરવા માટે બનાવવામાં આવી છે અને ગરીબોને મદદ કરવા માટે નહીં.

પોતાના ભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ એક ખાસ સમુદાય પર ટિપ્પણી કરી હતી જેનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે વાંધો ઉઠાવ્યો હતો. તેના પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, સભ્યોએ બોલતી વખતે ગૃહની પવિત્રતા જાળવવી જોઈએ.

......2.......

પાછળથી, શ્રી. ગાંધીએ સ્પષ્ટતા કરી હતી કે તેમનું નિવેદન કોઈ ચોક્કસ સમુદાય વિરુદ્ધ નથી રાજ્યસભામાં, જ્યારે ગઈકાલે ગૃહની બેઠક મળી, ત્યારે અધ્યક્ષ જગદીપ ધનખડે NEET પરીક્ષામાં કથિત ગેરરીતિઓ પર વિપક્ષી સભ્યો દ્વારા ખસેડવામાં આવેલી સ્થગિત નોટિસને નામંજૂર કરી હતી બાદમાં, ગૃહમાં બંનેગૃહોની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિના દ્રૌપદી મુર્મુના સંબોધન પર આભાર પ્રસ્તાવ પરચર્ચા ફરી શરૂ થઈ. ચર્ચામાં ભાગ લેતા વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, રાષ્ટ્રપતિના સંબોધનમાં વિઝન અને દિશાનો અભાવ હતો. તેમણે આરોપ લગાવ્યો કે તેમાં ગરીબો, અનુસૂચિત જાતિ અને લઘુમતીઓ માટે કંઈ નથી..

# NEET Dixit Patel Remand

મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટેની સ્પર્ધાત્મક પરિક્ષા નીટની ગેરરિતી કેસમાં સીબીઆઇની ગુજરાતના અદાલતે ગોધરાની જય જલારામ સ્કુલના સંચાલક અને ટ્રસ્ટી દિક્ષીત પટેલને ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

દિક્ષીત પટેલને રવિવારે મોડી રાત્રે સરકીટ હાઉસ ખાતે સીબીઆઇના વિશેષ ન્યાયમૂર્તિ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા.

સીબીઆઇ તરફથી આરોપી દિક્ષીત પટેલના સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. સીબીઆઇ તપાસમાં એવી ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે શાળાનાં મેનેજમેન્ટના સભ્યોએ જ વિદ્યાર્થીઓને પેપર લખવામાં મદદ કરી હતી. આ કૌભાંડમાં હજુ વધુ ધરપકડ થવાની સંભાવના છે.

# NTA SUGGESTION

સરકારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી-એનટીએમાં મજબૂત પરીક્ષા પધ્ધતિ વિકસાવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી સૂચનો અને પ્રતિભાવ માંગ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલયે જણાવ્યું હતું કે ડૉ. કે. રાધાક્રિષ્નનની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી સૂચનો અને મંતવ્યો માંગ્યા છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે, તેઓ પરીક્ષા પ્રક્રિયામાં સુધારા, ડેટા સુરક્ષા પ્રોટોકોલમાં સુધારો અને NTAની રચના અને કાર્ય પદ્ધતિ અંગે તેમના મંતવ્યો રજૂ કરી શકે છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ તેમના પ્રતિભાવ આ મહિનાની 7 તારીખ સુધી સમિતિને મોકલી શકે છે.

# UPSC RESULTS

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, UPSC એ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી 2024માં લેવાયેલી પરીક્ષાના પરિણામોની જાહેરાત કરી છે. જે ઉમેદવારો લાયક છે તેઓએ નિર્ધારિત અરજી પત્રક સાથે સિવિલસ ર્વિસીસ ની મુખ્ય પરીક્ષા માટે ફરીથી અરજી કરવાની રહેશે.

ફોર્મ ભરવા માટેની તારીખો અને મહત્વપૂર્ણ સૂચનાઓ અને તેની રજૂઆત આયોગની વેબસાઇટ પર ટૂંક સમયમાં જાહેર કરાશે. સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષાના પરીણામના માર્કસ, કટ ઓફ માર્કસ અને આન્સર કી સિવિલ સર્વિસીસ પરીક્ષા અને ભારતીય વન સેવા પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ આયોગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવશે.

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, આસામ અને મેઘાલયમાં અતિ ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી ત્રણથી ચાર દિવસ માટે હિમાચલ પ્રદેશ, પંજાબ, રિયાણા, ચંદીગઢ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં ભારે વરસાદ યથાવત રહેશે.

ગુજરાત અને પશ્ચિમ કાંઠાના વિસ્તારોમાં પણ ભારે વરસાદ ચાલુ રહેશે. હવામાન વિભાગની માસિક આગાહી પ્રમાણે જુલાઇ મહિનામાં દેશભરમાં સરેરાશ કરતા વધુ વરસાદ પડશે. ચોમાસાની ઋતુનાં બીજા ભાગમાં લા નિના સ્થિતિ સર્જાવાની સંભાવના છે.

# AMARNATH-YATRA-5TH-BATCH.rtf

કાશ્મીર ખીણમાં વાર્ષિક અમરનાથ યાત્રા માટે આજે છ હજાર 537 યાત્રીઓની પાંચમી ટૂકડી ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

આજે વહેલી સવારે 261 કાફલામાં યાત્રીઓ રવાના થયા હતા, જેમાં 5 હજાર 91 પૂરુષ, એક હજાર 102 મહિલા, 19 બાળકો, 301 સાધુઓ અને 24 સાધ્વીનો સમાંવેશ થાય છે. આમાંથી બે હજાર 106 યાત્રીઓ બાલતાલ અને 4 હજાર 431 યાત્રીઓ પહલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા.-

# RAJSTHANACCIDENT

રાજસ્થાનમાં કરૌલી જિલ્લામાં કાર અને ટ્રક વચ્ચેની અથડામણમાં નવ લોકોના મોત થયા હતા અને અન્ય ચાર ઘાયલ થયા હતા. આ અકસ્માત કરૌલી-મંડરાયલ રોડ પર સાસેડી ગામ પાસે થયો હતો. જિલ્લા કલેક્ટર નીલભ સક્સેનાએ આકાશવાણીને જણાવ્યું હતું કે, પૂરપાટ દોડતી કાર અને ટ્રક વચ્ચે સામસામે અથડાવાને કારણે આ અકસ્માત થયો હતો.

ત્રણ ઘાયલોને કરૌલી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે એક ગંભીર રીતે ઘાયલને જયપુર રિફર કરવામાં આવ્યો છે. છ મૃતકો મધ્યપ્રદેશના શ્યોપુરના રહેવાસી હતા જ્યારે ત્રણ મંડરાલ સબ ડિવિઝન નજીકના ગામના હતા.

# HUNGARY-EU PRESIDENCY

હંગેરીએ છ મહિના માટે કાઉન્સિલ ઓફ યુરોપિયન યુનિયનનું પ્રમુખપદ સંભાળ્યું છે. હંગેરીના યુરોપિયન યુનિયન બાબતોના પ્રધાન જેનોસ બોકાએ ગઈકાલે હંગેરીના પ્રમુખપદ દરમિયાન સાત ટોચની પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી. આ પ્રાથમિકતાઓમાં યુરોપિયન યુનિયનમાં  સ્પર્ધાત્મકતા વધારવી, યુરોપિયન સંરક્ષણ નીતિને મજબૂત બનાવવી સહીતના સાત મુદ્દાઓને આવરી લેવાયા હતાં.. શ્રી બોકાએ  ભારપૂર્વક જણાવ્યું હતું કે તાજેતરની યુરોપિયન સંસદીય ચૂંટણીઓએ સ્પષ્ટ રાજકીય સંદેશો મોકલ્યો છે કે યુરોપને પરિવર્તનની જરૂર છે.

# ISRAEL-GAZANDETAINEES

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન ધરપકડ કરાયેલા 50 જેટલા પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. ઇઝરાયેલી સૂત્રોએ જણાવ્યું હતું કે કેદીઓને વિવિધ ઇઝરાયેલી કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા, જેમાં દક્ષિણના લશ્કરી અટકાયત શિબિરનો સમાવેશ થાય છે, જ્યાં ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન ધરપકડ કરાયેલા ઘણા પેલેસ્ટાઇનીઓને રાખવામાં આવ્યા હતા. કેદીઓની સંખ્યા ઘટાડવાના ભાગરૂપે  અટકાયત કરાયેલા કેદીઓને મુક્ત કરાયા છે.

ગાઝાની અલ-શિફા હોસ્પિટલના વડા મોહમ્મદ અબુ સેલમિયા આજે મુક્ત કરાયેલા કેદીઓમાંના એક હતા. ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે એક નિવેદન પ્રસિધ્ધ કરીને જણાવ્યું હતું કે કેદીઓની મુક્તિ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી બાદ કરવામાં આવી છે.

# IND VS ZIM T20 SQUAD

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે પાંચ ટી-20ની સિરિઝ આ મહિનાની 6 થી 14 તારીખ વચ્ચે હરારેના સ્પોર્ટ્સ ક્લબમાં પાંચેય મેચ રમશે. ઝિમ્બાબ્વેએ શ્રેણી માટે તેમની સત્તર સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ટીમના સૌથી વરિષ્ઠ ખેલાડી અને અનુભવી બેટ્સમેન સિકંદર રઝા યુવા ઝિમ્બાબ્વે ટીમનું નેતૃત્વ કરશે. ઝિમ્બાબ્વેએ બેલ્જિયમમાં જન્મેલા એન્તુમ નકવીનું નામ પણ અસ્થાયી રૂપે ટીમમાં રાખ્યું છે, કારણ કે તેની નાગરિકતાની સ્થિતિની પુષ્ટિ હજુ બાકી છે.

બીજી તરફ, ભારતે ઝિમ્બાબ્વે સામે પોતાની 15 સભ્યોની ટીમ જાહેર કરી દીધી છે. શુભમન ગિલ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે. ભારતીય ટીમમાં ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ અને અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે. બીસીસીઆઈના સચિવ જય શાહે મીડિયાને જણાવ્યું હતું કે વીવીએસ લક્ષ્મણ ટીમ ઈન્ડિયા સાથે કોચ તરીકે ઝિમ્બાબ્વે જશે, પરંતુ નવા કોચ શ્રીલંકા શ્રેણીથી જોડાશે. ટીમ ઇન્ડિયાના કોચ અને પસંદગીકાર બંનેની નિમણૂંક ટૂંક સમયમાં કરવામાં આવશે.

# U23 WRESTLING 2024

જોર્ડનનાં અમ્માનમાં રમાયેલી અન્ડર 23 એશિયન કુશ્તી સ્પર્ધામાં ભારત પ્રથમક્રમે આવ્યું છે. યુવા ભારતીય ખેલાડીઓએ ફ્રી સ્ટાઇલ રેસલિંગમાં આઠ ચંદ્રક મેળવ્યા છે, જેમાં ચાર સુવર્ણ, બે રજત અને બે કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.70 કિલોવજન વર્ગમાં અભિમન્યુ, 92 કિલોવજન વર્ગમાં જોઇન્ટી કુમાર, 97 કિલોવજન વર્ગમાં સાહિલ જગલાન અને 125 કિલોવજન વર્ગમાં અનિરુધ કુમારે સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે. 65 કિલોવજન વર્ગમાં રોહિત અને 74 કિલોવજન વર્ગમાં જયદીપે રજત અને 57 કિલોવજન વર્ગમાં શુભમ તથા 79 કિલોવજન વર્ગમાં અમિતે કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે.

આ પ્રતિષ્ઠીત સ્પર્ધામાં ભારતીય ટીમનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ છે. સ્પર્ધામાં કઝાખસ્તાન બીજા અને કિર્ગિસ્તાન ત્રીજા ક્રમે રહ્યું છે.